# ૐ પવિત્ર પ્રાર્થના ૐ શ્રી ગરુદેવ દત્ત ૐ

**ધ્યાન:** માળા કંમડલું લસે કર નીચલમાં
ડમુરુ ત્રિશુળ વચલા કરમાં બિરાજે ।
ઊંચા દ્વિહસ્તકમણે શુભ શંખચક્ર
એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત ॥
॥ શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ॥

## ૐ દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ । તું જ એક જગમાં પ્રતિપાળ
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટયો જગકારણ નિશ્ચિત,
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર
અંતર્યામી સત્ ચિત સુખ, બહાર સદ્ગુરુદ્વિભૂજ સુમુખ,
ઝોળી અન્નપુર્ણા કરમાંહ્ય, શાન્તિ કમંડલ કર સોહાય,
કયાંય ચર્તુભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર
આવ્યો શરણે બાળ અજાણ, ઉઠ દિગંબર ચાલ્યા પ્રાણ
સૂણી અર્જુન કેરો સાદ રીઝયો પૂર્વે તું સાક્ષાત્
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર.
કીધો આજે કેમ વિલંબ! તુંજ વિણ મુજને ના આલંબ!
વિષ્ણુર્શમ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ
વિસ્તારી માયા, દિતિસુત ઈંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઈ કંઈ શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ ? ૧૪
દોડયો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ,
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ ! કેમ સુણે ના મારો સાદ ?
દોડ, અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત !
જોઈ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ,
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર,
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.
કરે કેમ ના મારી વ્હાર ? જો આણીગમ એક જ વાર !
શુષ્ક કાષ્ઠને આણ્યા પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર ?
જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યા સફળ તે સુતનાં કૃત્સ્ન,
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ !
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યુ દારિદ્રય તેં તતખેવ ૨૬
ઝાલર ખાઈ રીઝયો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ,
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તે નિર્ધાર
પિશાચ પીડા કીધી દુર વિપ્રપુત્ર ઉઠાડયો શૂર
હરી વિપ્રમદ અત્યંજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત ! 30
નિમેષમાત્રે તંતુક એક, પ્હોંચાડયો શ્રીશૈલે દેખ!
એકી સાથે આઠ સ્વરૂપ ધરી દેવ બહુ રૂપ અરૂપ,
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત,
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪
રામકૃષ્ણરૂપે તેં એમ કીધી લીલાઓ કંઈ તેમ,
તાર્યા પથ્થર ગણિકા વ્યાધ ! પશુપંખી પણ તુજને સાધ
અધમ ઓધારણ તારૂં નામ, ગાતાં સરે ન શા શા કામ ?
આધિ વ્યાધિ ઉપાધિ સર્વ ટળે સ્મરણ માત્રથી શર્વ ૩૮
મુઠ ચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ,
ડાકણ શાકણ ભેંસાસુર, ભુત પિશાચો જંદ અસુર;
નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત,
કરી ધૂપ ગાએ જે એમ દત્તબાવની સપ્રેમ,
સુધરે તેના બંને લોક, રહે ને તેને કયાંયે શોક
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેના જાય ! ૪૪
બાવન ગુરૂવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ,
યથાવકાશે નિત્ય નિયમ તેને કદિ ન દંડે યમ.
અનેક રૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ !
સહસ્ત્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક ૪૮
વંદુ તુજને વારંવાર, વેદ શ્વાસ તાર નિર્ધાર !
થાકે વર્ણવતા જયાં શેષ કોણ રાંક હું બહુકૃતવેષ ?
અનુભવ તૃપ્તનો ઉદ્ગાર; સુણી હસે તે ખાશે માર !
તપસી તત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રી ગુરુદેવ.